INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૪-૦૨-૨૦૨૬**

- **નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ કામયાબ: નકલી મોડેલએ તંત્રને કર્યું લકવાગ્રસ્ત : ડૉ. હિરેન બેંકર**
- **લુંટનો કારોબાર કરનારા નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજર? ભાજપના રાજમાં ફૂલતું ફાલતું 'નકલી મોડેલ' : ડૉ. હિરેન બેંકર**
- **ગુજરાતમાં સતત ડિજીટલ અરેસ્ટની ઘટનાઓ વધી રહી છે બીજી બાજુ નકલી ગઠીયાઓ બેફામ બન્યા : પ્રજાને તો જાણે 'સુડી વચ્ચે સોપારી' જેવો ઘાટ : ડૉ. હિરેન બેંકર**

ગુજરાતમાં એક બાદ એક નકલી અધિકારીઓ અને નકલીઓનો કારોબાર ભાજપ શાસનમાં ધમધોકાર ચાલી રહ્યો છે. નકલીઓ દ્વારા નાગરિકોને લુંટવાના બેફામ કારનામાંઓને રોકવામાં નાકામ ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નકલી અધિકારી બની ગઠીયાઓ પ્રજાને સરેઆમ લુંટી રહ્યાં છે. રાજ્યમાં જાણે કાયદો વ્યવસ્થા કે પોલીસતંત્રની જરાય ડર જ ન હોય તેમ સરકારી કામો કરી આપવા, પ્રમોશન આપવા અને અપાવવા, ટેન્ડર આપવવા, આરોપીઓને છોડી મુકવા સહીતની નીતનવી મોડેસ ઓપરેન્ડીઓ થકી ગુજરાતીઓને છેતરતી 'ઠગ કંપની' બેફામ બની છે. જાણે નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ અસરકારક હોય અને 'નકલી મોડેલ'એ તંત્રને લકવાગ્રસ્ત કર્યું હોય એમ બનાવટી અધિકારીઓ છાકટા બની નાગરિકોને લુંટી રહ્યાં. નકલી કસ્ટમ અધિકારી, ડેપ્યુટી કલેકટર,આઈપીએસ, સીબીઆઈ અધિકારી,સીઆઈડી અધિકારી, કેન્દ્રીય એજન્સી અધિકારી, ગૃહમંત્રાલયનો અધિકારી, શાળામાં લોકો ભોગ બન્યા છે. ગુજરાતમાં સતત ડિજીટલ અરેસ્ટની ઘટનાઓ વધી રહી છે બીજી બાજુ નકલી ગઠીયાઓ બેફામ બન્યા છે, પ્રજાને તો જાણે 'સુડી વચ્ચે સોપારી' જેવો ઘાટ છે. ગુજરાતમાં કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકાબ ક્યારે થશે.

છેલ્લા ત્રણ વર્ષમાં ૪૨થી વધુ નકલી અધિકારીઓ પકડાયા. સુરતના વરાછા પાસેથી નકલી કસ્ટમ અધિકારી હિમાંશુ રાય, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબાના ઈન્દ્રમમાંથી પ્રકાશ નાઈ નામનો નકલી ડે.કલેક્ટર, સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટર નકલી સીબીઆઈ અધિકારી હિતેશ્વરસિંહ મોરી, ભાજપના નેતાઓ સાથેના ફોટા બતાવી લુટ ચલાવતો નકલી કેન્દ્રીય એજન્સી અધિકારી ભરત છાબડા, સુરતના કામરેજથી નકલી આઈપીએસ પ્રદીપ પટેલ, સુરતમાં મહિલાઓને પજવણી કરતો નકલી સીઆઈડી અધિકારી તરુણ ભટ્ટ, યુનીવર્સીટી રોડથી નકલી ગૃહમંત્રાલયનો અધિકારી સૌરીશ ઘોષ, કરાઈમાં ટ્રેનીગ લેતો નકલી પીએસઆઈ મયુર તડવી, ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા બતાવતો નકલી પીએમઓ અધિકારી કિરણ પટેલ, સંજય શેરપુરિયા, નકલી સીએમઓ અધિકારી લવકુશ દ્વિવેદી જેના ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા સામે આવ્યા,જામનગર પોલીસને આરોપીને છોડી મુકવા ભલામણ કરતો નકલી સીએમઓ અધિકારી નિકુંજ પટેલ, નકલી ED અધિકારી ઓમવીરસિંહ, નકલી NIA અધિકારી ગુંજન કાંતિયા, માંડવી તાલુકમાં નકલી ડેપ્યુટી કલેક્ટર નેહા

પટેલ, નકલી એફસીઆઈ અધિકારી પુણ્યદેવ રાય, વડોદરામાં ઠગે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર નકલી સીએમઓ અધિકારી વિરાજ પટેલ સહીત કેટલાય ગઠિયાઓ મનફાવે તેમ કારનામાં અને કૌભાંડ કરી ગુજરાતની નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણીને બેફામપણે લુંટી રહ્યા છે.

ભાજપનાં ચૂંટાયેલા કાઉન્સિલર હિતેશ્વર મોરી નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા. કિરણ પટેલ, સંજય શેરપુરિયા, ભરત છાબડા, સહીત નકલી ગઠિયાઓના ભાજપના નેતાઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ સામે આવ્યા છે. જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબંધ શું છે? પીએમ ઓફીસથી લઇ સીએમ ઓફીસ, આઈએએસથી લઇ આઈપીએસ, કલેકટરથી લઇ કેન્દ્રીય એજન્સીના અધિકારી, ગૃહમંત્રાલય હોય કે કસ્ટમ વિભાગ તમામ સરકારી કચેરીઓના બાબુઓનાં નામે લુંટનો કારોબાર કરનારાઓ નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજરની છે? તે ગુજરાત જાણવા માંગે છે.

| ગુજરાતમાં નકલી અધિકારીઓ પકડાવાના કિસ્સાઓ | | | |
|---|---|---|---|
| **નકલી અધિકારીનુ નામ** | **નકલી હોદ્દો** | **નકલી અધિકારીનુ નામ** | **નકલી હોદ્દો** |
| રૂપેશ દોશી | નકલી કેન્દ્રીય સુરક્ષા એજન્સી અધિકારી | જીતેન્દ્રસિંહ રાઠોડ | નકલી ડીવાયએસપી |
| રોહિત પરમાર | નકલી વકીલ | ભરત સેનવા | નકલી પોલીસ |
| બ્રિજેશ પરમાર | નકલી શિક્ષણ સચીવ | ઘનશ્યામ સંઘાણી | નકલી આર્મી ઓફિસર |
| મોરીસ ક્રિશ્ચિયન | નકલી જજ | જીગર શાહ | નકલ પત્રકાર |
| હિમાશું રાય | નકલી કસ્ટમ અધિકારી | વિવેક દવે | નકલી આઈપીએસ |
| પ્રકાશ નાઈ | નકલી ડે.કલેક્ટર | પ્રવિણ ઠાકોર | નકલી જોઈન્ટ ડાયરેક્ટર |
| હિતેશ્વર મોરી | નકલી સીબીઆઇ | જયેશ ગજ્જર | નકલી નેશનલ ડીરેક્ટર |
| ભરત છાબડા | નકલી અધિકારી | વિજય ચૌહાણ | નકલી આઈટી ઈન્સ્પેક્ટર |
| પ્રદીપ પટેલ | નકલી આઈપીએસ | અર્પિત શાહ | નકલી આઈએએસ અધિકારી |
| તરુણ ભટ્ટ | નકલી સીઆઈડી | જીલ પંચમતિયા | નકલી એડીશનલ કલેક્ટર |
| સીરીશ ઘોષ | નકલી અધિકારી | વિવેક ચૌહાણ | નકલી લોકો પાયલટ |
| મયુર તડવી | નકલી પીએસઆઇ | પ્રિતેશ રાણા | નકલી પોલીસ |
| કિરણ પટેલ | નકલી પીએમઓ અધિકારી | ભાવેશ વસાવા | નકલી પોલીસ |
| સંજય શેરપુરિયા | નકલી પીએમઓ | સંજુ વસાવા | નકલી પોલીસ |
| લવકુશ દ્વિવેદી | નકલી સીએમઓ | યોગેશ બેલેરાવ | નકલી પોલીસ |
| નિકુંજ પટેલ | નકલી સીએમઓ | નયન પરમાર | નકલી પોલીસ |
| ઓમવીરસિંહ | નકલી ઈડી અધિકારી | ગૌરાંગ ભીલ | નકલી પોલીસ |
| ગુંજન કાંતિયા | નકલી એનઆઈએ | શાહરુખ અંસારી | નકલી ક્રાઈમબ્રાંચ અધિકારી |
| નેહા પટેલ | નકલી.ડે, કલેક્ટર | મહેશ ઈસ્લામીયા | નકલી રો-અધિકારી |
| પુણ્યદેવ રાય | નકલી અધિકારી | યુવરાજસિંહ રાઠોડ | નકલી પીએસઆઈ |
| વિરાજ પટેલ | નકલી સીએમઓ | સુરેન્દ્રસિંહ લોહાર | નકલી પોલીસ |

(ડૉ. હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ